સરકારનાં કાર્યક્રમોમાં વૃક્ષોનું જતન, જ્યારે ધાનેરામાં શો મિલોમાં વૃક્ષોનું થતું પતન

સરકાર શ્રી પદુષણ મુકત ભારત બનાવવાં માટે અનેક યોજનામાં કરોડો રૂપિયા ખર્ચ કરે છે ત્યારે ધાનેરા તાલુકામાં ખુલ્લે આમ વૃક્ષો નુ પતન થતું જોવા મળે છે લીલા વૃક્ષો કપાઇ રહયા છે અને સો મિલોમાં રાત્રીનાં સમયે ટેકટરો દ્વારા આં વૃક્ષો સો મિલોમાં ઠલવાય છે જો મીલો વાળા કાયદેસર અને નિયમો મુજબ ચાલતા હોય તો આ વૃક્ષો ની હેરા-ફેરી રાત્રીના સમયે કેમ થાય છે? દિવસે કેમ નહિ? ધાનેરા માં અનેક બેન્સાઓ લાયસન્સ વગરનાં અને નિયમો વિરુદ્ધ પણ ચાલતાં હોવાની શંકા લાગી રઇ છે આ બાબતે કલેક્ટરશ્રી યોગ્ય પગલા ભરે અને ધાનેરા મામલતદાર શ્રી રાત્રીનાં સમયે હેરા-ફેરી કરતાં ટેકટરો ને સીલ કરી મોટા દંડ આપે અને લાલ આંખ કરી કાયદાનું પાલન થાય તેવું લોકો ઇરછી રયા છે.

ઉત્તર ગુજરાતમાં રાહુલ ગાંધીની ત્રણ જાહેર સભા ગોઠવાશે

મહેસાણા, તા. ૭

મહેસાણાના પાટીદારોના ગઢ એવા ઉત્તર ગુજરાતમાં આવનારી વિધાનસભાને લઈને ૩ દિવસ સુધી રાહુલ ગાંધી મહેસાણા સહિત ઉત્તર ગુજરાતમાં આવીને કોંગ્રેસની ધુંવાધાર બેટિંગ કરશે અને પાટીદારોને મનાવા મથામણ પણ કરશે. જ્યારે આવનાર સમયમાં આ સમગ્ર મામલે હજુ સુધારા વધારા પણ કરાય તેવી શક્યતા છે.

ઉ.ગુ.માં આગામી ૧૧મી નવેમ્બરથી શરૂ થતી રાહુલ ગાંધીની ચૂંટણીયાત્રાની પૂર્વ તૈયારીઓને આખરી અંજામ આપવા કોંગી નેતાઓ કામે લાગ્યા છે. જવાબદાર કોંગી અગ્રણીઓ સમગ્ર રૂટ ઉપર ક્યાં શું થઈ શકે તેના વિકલ્પો આપી ફાઈનલ કરાવવા દોડી રહ્યા છે. આ તમામ ગતિવિધિ વચ્ચે ત્રણ દિવસની યાત્રામાં ઉ.ગુ.માં ત્રણ જાહેર સભાઓ અને વિશેષ જૂથ સાથે ૫ થી વધુ સંવાદો કરવાનું આયોજન થઈ રહ્યું છે. ઉ.ગુ.ના મહેસાણા જિલ્લાના બેચરાજી, બનાસકાંઠા જિલ્લાના થરા અને ડીસા ખાતે રાહુલ ગાંધીની વિશાળ જાહેર સભાઓ ગોઠવાય તેવી પ્રબળ શક્યતાઓ બની છે. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવા માટે લાગેલી ટીમના વિકલ્પો ઉપર પ્રદેશ કોંગ્રેસ સુધી મંથન ચાલી રહ્યું છે. સુત્રોએ જણાવ્યું હતું કે ત્રણ દિવસના કાર્યક્રમમાં રાહુલ ગાંધી પાલનપુર અથવા અંબાજી તેમજ પાટણ ખાતો રાત્રી રોકાણ કરશે. આ સાથે ખેડૂતો, મહિલાઓ, યુવાઓ અને વેપારીઓ તેમજ કોંગી કાર્યકરો સહિતના ૫૦૦૦થી વધુ સંખ્યાના જૂથ સાથે ૫ થી વધુ સંવાદ બેઠકો કરવાનો તખ્તો ઘડાઈ રહ્યો છે. આ સાથે બેચરાજી, થરા અને ડીસા સહિતના ૩ કે તેથી વધુ સ્થળોએ વિશાળ જનમેદનીને સંબોધન કરવાનું પણ આયોજન ગોઠવાઈ રહ્યું છે. સુત્રોએ ઉમેર્યું હતું કે હજુ સુધી મિનિટ ટુ મિનિટનો કાર્યક્રમ ફાઈનલ થઈ શક્યો નથી પરંતુ

મનમોહનસિંહની મુલાકાત બાદ રાહુલ ગાંધીનો ત્રિ-દિવસીય કાર્યક્રમ તૈયાર થઈ જશે.

ઉ.ગુ.ના તમામ પાંચ જિલ્લાઓ ત્રણ દિવસ અને બે રાત્રિમાં પૂર્ણ કરી મોટાભાગના સમાજ-વર્ગ અને જૂથને સંબોધી શકાય તે માટે વિવિધ બાબતો ઉપર ચર્ચા-વિચારણા ચાલી રહી છે. કોંગી અગ્રણીઓ છેલ્લા બે દિવસથી સંભવિત રૂટ ઉપર જઈ સ્થાનિક આગેવાનો સાથે ચર્ચાઓ કરી રહ્યા છે. જેમાં મળતી માહિતી મુજબ રાહુલ ગાંધી કાર્યક્રમમાં તા. ૧૧ તારીખના રોજ એરપોર્ટથી ચીલોડા સાબરકાંઠા જિલ્લામાં પ્રવેશ કરવામાં આવશે. ચિલોડાથી દહેગામ, પ્રાંતિજ, હિંમતનગર શાળામજી ખાતે તેમનું આગમન થશે અને રાત્રે ૭.૩૦ થી ૮ કલાકે અંબાજી મંદિર દર્શન કરવામાં આવશે. અને બીજા દિવસે તા. ૧૨ના રોજ અંબાજીથી યાત્રા શરૂ કરવામાં આવશે. અંબાજીથી પાલનપુર, ડીસા, ભીલડી, શિહોરી, થરા, રાધનપુર અને થરા ખાતે ભરવાડ સમાજના વાળીનાથ મંદિરમાં દર્શન કરવામાં આવશે અને તા. ૧૩ તારીખના રોજ પાટણ, હારીજ, શંખેશ્વર મંદિરમાં દર્શન અને બહુચરાજી મંદિરમાં દર્શન કરવામાં આવશે. બહુચરાજીમાં જાહેર સભા બાદ ૧૩ તારીખે મહેસાણામાં જીઆઈડીસી હોલમાં વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે બેઠક પણ કરવામાં આવશે. ત્યારબાદ મહિલા સંમેલન કરવામાં આવનાર છે. જ્યારે વિસનગરથી વિજાપુર ખાતે સમાપન કરવામાં આવશે તેવી માહિતી હાલમાં મળી રહી છે. આ સમગ્ર બાબતમાં હજુ વધુ સુધારો થાય તેવી સક્યતા છે.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

એક દિવસ અગાઉ અવસાન થયેલ નવમાં ઇનામ વિતરણ સમારંભના દાતાને શ્રદ્ધાંજલી આપવામાં આવી

પ્રાંતિજ, તા. ૭

મહેસાણા જિલ્લાનાં વિજાપુર તાલુકાનાં માણેકપુરા પાટીયાં પાસે આવેલ શ્રી બાવીસગામ તપોધન બ્રાહ્મણ સમાજની વાડી ખાતે દસમો પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનાં ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે સમાજનાં ૮૦ વર્ષથી ઉપરનાં વયોવૃધ્ધ અને વિશીષ્ટ વ્યક્તિઓનુ સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજ સંકુલ ખાતે સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં એક દિવસ અગાઉ અવસાન થયેલ નવમાં ઇનામ વિતરણ સમારંભના દાંતા અને વરિષ્ઠ પત્રકાર રાજેન્દ્ર રાવલના ધર્મપત્ની તથા સિંગર દર્શન રાવલના માતૃશ્રી સ્વર્ગસ્થ રાજલબેન (જયોત્સના બેન) રાવલને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. એસએસસી, એચએસસી કોલેજ સુધીનાં તેજસ્વી તારલાઓનું સમાજનાં જ મહેમાનો ડૉ. હિરેન્દ્રભાઈ રાવલ, ડૉ. કુણાલભાઈ રાવલ, ધર્મેશભાઈ રાવલ સમાજનાં પ્રમુખ સંજયભાઈ રાવલ, શિવશકિતના ચેરમેન સુરેશભાઈ રાવલ, સમાજનાં મંત્રી હિતેન્દ્રભાઈ રાવલ, શિવશક્તિના મંત્રી વિનુભાઈ રાવલ તથા શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનાં પદાધિકારીઓ શિવશકિત મંડળના પદાધિકારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજનાં ૮૦ વર્ષથી ઉપરનાં ઉંમર ધરાવતાં અને ઉચ્ચ હોદ્દાઓ ઉપરથી નિવૃત થયેલ વડીલોનું પણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. વિધવા થયેલ સ્ત્રીઓના બાળકોના અભ્યાસ માટેની સહાયનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. અંગદાન આપનાર પરિવારનું સન્માન પણ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

અમદાવાદ ઈન્દોર હાઈવે પર કઠલાલના બાજકપુરા પાસે થયેલ ગમખ્વાર અકસ્માતમાં કુલ ૧૩ લોકોના મોત નિપજ્યા છે. કઠલાલના બાજકપુરા ગામ પાસે એક ટ્રક બંધ હાલતમાં રોડની સાઈડમાં ઉભી હતી. તે દરમ્યાન પુરપાટ ઝડપે ઈન્દોર તરફ જઈ રહેલ ક્રુજર ઝીપ ટ્રકની પાછળ ઘુસી જતા આ અકસ્માત સર્જાયો હતો. અમદાવાદના ધંધુકા નજીક સાલાસર ગામે મજુરી કામ કરતા અને મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જીલ્લાના સેજાવાળા ગામના એક સમાજના લોકો પોતાના માદરે વતન મરણ પ્રસંગ બનેલ હોય ગત રાત્રીએ ધંધુકા નજીક એક હોટલ પાસેથી ભાડાની જીપ કરાવી અલીરાજપુર મધ્યપ્રદેસ ખાતે જઈ રહ્યા હતા. જે દરમ્યાન ગત મોડી રાત્રે અમદાવાદ ઈન્દોર હાઈવે પર કઠલાલ પોલીસ મથકની હદમાં આવેલ બાજક પુરા ગામ પાસે રોડની સાઈડમાં ઉભેલ ભંગાર ભરેલી ટ્રકની પાછળ જીપ ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૬ મહિલાઓ ૬ પુરુષો અને ૧ બાળકીનું મોત થયું હતું. જયારે ૮ જેટલા લોકોને વધતી ઓછી ઈજાઓ પહોચતા સારવાર અર્થે કઠલાલની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને કઠલાલ પોલીસે તમામ ૧૩ લાશોનો કબજો મેળવી પીએમ અર્થે મોકલી પોલીસ આ તમામ મૃતકોની ઓળખવીધી કરી રહી છે. તેમજ અકસ્માતના ગુના અંગે ફરિયાદ દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લામાં અડદ ખરીદી માટે મોડાસા સહિત ત્રણ ખરીદ કેન્દ્રોને મંજૂરી અપાઈ

બારદાન આવ્યેથી આગામી બે ત્રણ દિવસમાં જ તમામ ત્રણ કેન્દ્રોમાં ખરીદી શરૂ કરાશે

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લામાં અડદની ખરીદી માટે મોડાસા સહિત ત્રણ ખરીદ કેન્દ્રોને મંજરી મળી ગઈ છે અને આગામી બે-ત્રણ દિવસમાં જ આ કેન્દ્રો ઉપરથી ખરીદી શરૂ કરી દેવાશે. તે માટે બારદાનની જ રાહ જોવાય છે.

મગફળીની જેમ અડદ પણ ટેકાના ભાવે ખરીદવા માટે સાબરડેરી દ્વારા સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા અરવલ્લી જિલ્લામાં મોડાસા, ધનસુરા અને મેઘરજમાં અડદ ટેકાના ભાવે ખરીદવામાં આવશે. સા.કાં. જિલ્લા ખ.વે. સંઘના ચેરમેન જયંતીભાઈ પટેલે જણાવ્યું કે અરવલ્લીમાં અડદ ખરીદી માટે મોડાસા, ધનસુરા અને મેઘરજમાં ખરીદ કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે બજારમાં અડદના ભાવ ખૂબ નીચા ગયા હોઈ સરકારે ટેકાના વિસ કિલોના રૂ. ૧૦૮૦ ભાવે ખરીદવા માટે મંજુર કરેલ આ ખરીદ કેન્દ્રો ઉપર આગામી બે ત્રણ દિવસમાં જ અડદ ખરીદાશે જેથી ખેડૂતો પોતાના અડદના પાકને ઓછા ભાવે વેચવા ઉતાવળ નહિ કરતાં ટેકાના ભાવે વેચવા ધીરજ રાખવા જણાવાયું છે.

દરમિયાન ખેડૂતો મગફળીની જેમ સાત બારના ઉતારા પાણી પત્રક સાથે ઓન લાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમ પણ જણાવાયું છે.

શામળાજી-રતનપુર ચેકપોસ્ટ નજીકથી વિદેશી દારૂ મળવાનો સિલસિલો યથાવત

શામળાજી, તા. ૭

વિધાનસભા-૨૦૧૭ની ડિસેમ્બર મહિનામાં યોજાનાર ચૂંટણીમાં આંતર રાજ્ય અને રાજ્યના બુટલેગરોદ્વારા ગુજરાતમાંઅમલવારી દારૂબંધીનો ફાયદો ઉઠાવવા મોટા પાયે મતદારોને રીઝવવા ઉમેદવારો દ્વારા કરાતી દેશી અને વિદેશી દારૂની રેલમ-છેલની માંગને પહોંચી વળવા મોટાપાયે ખાનગી વાહનો દ્વારા દરરોજનો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ સહીત નશાકારક પદાર્થો ગુજરાતમાં ઠાલવી રહ્યા છે. ત્યારે બુટલેગરોમાં ખુબ જાણીતી અરવલ્લી જિલ્લાની રતનપુર ચેકપોસ્ટ પર શામળાજી પોલીસે સઘન ચેકીંગ હાથ ધરાતા મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો હાથમાં લાગી રહ્યો છે. સોમવારે સાંજના સુમારે ટ્રકમાં ભરેલ બટાકાના કંતાનના કોથળાની આડમાં સંતાડીને વગર પાસ પરમીટ અને ગેરકાયદેસર વિદેશી દારૂ રૂપિયા ૧૫ લાખનો ઝડપી પાડી ૨ શખ્સોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આ ગુન્હામાં સંડોવાયેલ એક શખ્સને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.

શામળાજી પોલીસે સોમવારે સાંજના ૭ વાગ્યાના સુમારે વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા ટ્રક (ગાડી.નં- આર.જે.૩૧. જી.૪૪૩૭)ને અટકાવી ટ્રકની અંદર તપાસ હાથ ધરાતા બગડેલા બટાકા ભરેલા કંતાન કોથળા નંગ-૨૪૦ આડમાં સંતાડીને લવાતો ગેરકાયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂની પેટીઓ નંગ-૨૫૦ જેમાં કુલ બોટલ નંગ-૩૦૦૦ કિંમત રૂપિયા ૧૫૦૦૦૦૦ ઝડપી પાડી ટ્રકની કિંમત રૂપિયા૧૦૦૦૦૦૦, મોબાઈલ નંગ-૩ કિં.રૂ.૨૫૦૦ મળી કુલ રૂપિયા ૨૫૦૨૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક સુનિલ જશવંતસિંગ શર્મા (ઉં.વર્ષ-૨૩) રહે. ગુરુગોવિંદનગર, ભટિંડા (પંજાબ)અને કુલદીપસિંહ બેલ્ટસિંગ શીખ (ઉં.વર્ષ-૨૨) રહે. માડાટાઉન ફેજ-૧ મકાન નંબર ૯૯૩, ભટિંડા (પંજાબ)ને દબોચી લઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ ભરી આપનાર અજાણ્યા શખ્સ સામે મોબાઈલ નંબરના આધારે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જિલ્લા એસઓજીને નાસતો ફરતો આરોપી પકડવામાં મળેલ સફળતા

અરવલ્લી, તા. ૭

પોલીસ અધિક્ષક કે.એન. ડામોર અરવલ્લી જિલ્લાનાઓની સૂચના મુજબ અરવલ્લી જિલ્લામાં શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવી રહે તે સારૂ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની કામગીરી કરવા સુચના આપવામાં આવેલ જે સૂચનાનો સખતાઈથી અમલ કરતાં પી.ડી. દરજી પોલીસ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી. નાઓની રાહબરી હેઠળ એ.એસ.આઈ. મોહનસિંહ પુજેસિંહ તથા આ.પો.કો. જીજ્ઞેશકુમાર બચુભાઈ તથા સ્ટાફે પોલીસથી નાસતા ફરતા હોય તેઓને ઝડપી પાડવા માટે ખાનગી બાતમીદારો દ્વારા બાતમી હકીકત મેળવવા લાંબા સમયથી તજવીજ કરી હતી. જે શામળાજી પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૮૭/૧૫ ઈ.પી.કો. કલમ ૩૦૭, ૩૯૫, ૧૮૬, ૩૩૩, ૩૩૨ વિ. મુજબના કામે છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીઓ મણીલાલ નાથાભાઈ ખરાડી, કાન્તિભાઈ લક્ષીભાઈ ઉર્ફે મકસીભાઈ ખરાડી બંને રહે. પાલીસોડા, તા. વીછીવાડા, જી. ડુંગરપુર રાજસ્થાનનાઓ મળેલ પાકી બાતમી પ્રમાણે શામળાજી આશ્રમ ચાર રસ્તા પાસે આવનાર હોવાની હકીકતના આધારે વોચ ગોઠવીને ઝડપી પાડવામાં આવેલ છે અને આગળની વધુ સઘન તપાસ માટે શામળાજી પો.સ્ટે.ને સુપ્રત કરવામાં આવી હતી.

ગત ૨૦૧૫માં દારૂની રેઈડ કરવા ગયેલ પોલીસના જવાનો ઉપર જીવલેણ હૂમલો કરી સરકારી ઈન્સાસ રાયફલની લૂંટ ચલાવવાનો ચકચારી બનાવ બનેલ અને તેના કેટલાક આરોપીઓ લાંબા સમયથી

ચુનો લગાવ્યો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રૂપિયા પણ આપવાની ના પાડી દીધી છે. ગુનાહીત કાવતરૂ રચી છેતરપીંડી વિશ્વાસઘાત અને રૂપિયા પરત માંગ્યા તોજાનથી મારી નાંખવાની આપેલી ધમકી બાબતે આશીષભાઈની કંપનીના એકાઉન્ટન્ટ બીપીનભાઈ શાહે અડાલજ પોલીસમથકમાં ફરિયાદ સહિતના પોલીસેચારેય સામે ગુનોદાખલ કરી છે. આ ઘટનાની ગાંધીનગર એસઓજીને તપાસ સોંપવામાં આવી છે.

અમિત શાહ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેતાઓ કામે લાગી ગયા છે. ટીકીટની ફાળવણી પુર્વે જ મતદારોને પોકેટમાં કરી લેવા માટે ભાજપે ઘર ઘર સુધી સંદેશો પહોચાડવાનુ અભિયાન હાથ ધર્યુ છે. જયારે ગૌરવ મહાસંપર્ક અભિયાનના અંતે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં કાર્યકરોનુ સંમેલન યોજાશે. જ્ઞાતિવાદ, આંદોલન , મોંઘવારી અને વિકાસ સહીતના મુદ્દાઓ જનમાનસમાં ભરડો લેતા ચુંટણી પુર્વે રાજકીય માહોલ હળવી તંગદીલીની ગિરફતમાં છે. આ સ્થિતિ વચ્ચે ચુંટણીના પડઘમ સાથે રાજકીય ઉત્તેજના પ્રબળ બની છે. ત્યારે બન્ને પક્ષે જંગી બહુમત મેળવવા એડી ચોટીનુ જોર લગાવવાની તૈયારીઓ કરી દીધી છે. ભાજપમાં પણ પક્ષની બાગડોર સંભાળતા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની આગામી તા ૧૨ નવેમ્બરના રોજ ટાઉનહોલ ખાતે બપોરે ૨ : ૩૦ કલાકે ભાજપના શકિત કેન્દ્રના કાર્યકર્તાઓનુ સંમેલન યોજાશે.

જેટલી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્વચ્છ અર્થવ્યવસ્થા આપવાના પ્રયાસ થઈ રહ્યા છે. ભ્રષ્ટાચારને રોકવા માટે અર્થવ્યવસ્થાની સ્થિરતા ખુબ જરૂરી છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, અગાઉની કોંગ્રેસ સરકારોએ બ્લેકમનીને લઈને આટલા મોટા પગલા લેવાની ક્યારે હિંમત કરી ન હતી. કોંગ્રેસ પાર્ટીના મુખ્ય લક્ષણ તો પરિવારની સેવા કરવાના હતા. જ્યારે ભાજપના હેતુ દેશના લોકોની સેવા કરવાના છે. ઓછા કેશવાળા સિસ્ટમમાં ભલે ભ્રષ્ટાચાર ખતમ ન થાય પરંતુ ભ્રષ્ટાચાર ઉપર અંકુશ મુકવામાં ચોક્કસપણે સફળતા મળી રહી છે. નોટબંધીના મુદ્દા ઉપર જેટલીએ કહ્યું હતું કે, કાળા નાણાની ભયાનક બિમારીથી દેશને બચાવવા માટે કઠોર પગલા લેવાયા હતા.

મનમોહનસિંઘ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બહાર કાઢ્યા હતા. દેશના પૂર્વ વડાપ્રધાન અને પ્રખર અર્થશાસ્ત્રી એવા કોંગ્રેસના રાષ્ટ્રીય દિગ્ગજ નેતા ડો.મનમોહનસિંહ આજે અમદાવાદના મહેમાન બન્યા ત્યારે ટોક ઓફ ધ ટાઉન બની રહ્યા હતા. સામાન્ય રીતે સૌમ્ય અને શાંત પ્રકૃતિના મનાતા ડો.મનમોહનસિંહે આજે નોટબંધી અને જીએસટી સહિતના મોદી સરકારના વિવાદીત નિર્ણયોને લઈ મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, નોટબંધી અંગે લીધેલો નિર્ણય ખોટો, ભૂલભરેલો અને માત્ર ને માત્ર રાજકીય દ્રષ્ટિકોણથી લેવાયેલો નિર્ણય હતો, જેનાથી દેશમાં ટેક્સ ટેરરીઝમ જેવી હાલત સર્જાઈ છે, દેશ આર્થિક દ્રષ્ટિએ ઘણો પાછળ પડી ગયો અને તેના કારણે ભરપાઈ ના થઈ શકે તે હદનું નુકસાન દેશને પહોંચ્યું છે. તેથી નોટબંધીના તા.૮મી નવેમ્બરના દિવસને કાળા દિવસ તરીકે મનાવવો જોઈએ તેવી તેમણે જાહેર અપીલ કરી હતી.

નોટબંધીનો નિર્ણય કેન્દ્ર સરકારનો સર્દતર નિષ્ફળ નિર્ણય હોવાથી ભારતીય લોકશાહીમાં તા.૮મી નવેમ્બરને કાળા દિવસ તરીકે મનાવવો જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જયારે નોટબંધીની જાહેરાત કરી ત્યારે હું સ્તબ્ધ થઈ ગયો હતો. સરકારના ઘણા નિર્ણયો ખોટા અને અયોગ્ય છે.

ટેરર ફંડીંગ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અલબત્ત એનઆઈએ અથવા તો અન્ય કોઈપણ તપાસ સંસ્થાએ પુરતી માહિતી આપી નથી. કાશ્મીરમાં હિંસા માટે આતંકવાદી સંગઠનો અને હવાલા મારફતે ફંડિંગની આશંકા બાદ રાષ્ટ્રીય તપાસ સંસ્થા દ્વારા તપાસ ચાલી રહી છે. શરૂઆતમાં જ હુર્રિયત નેતાઓ અને કાશ્મીરના મોટા કારોબારીઓના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. આ મામલાની તપાસ દરમિયાન અલગતાવાદી નેતા સઈદ અલી શાહ ગિલાનીના જમાઈ સહિત અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આગામી દિવસોમાં આ દરોડા અને ધરપકડનો દોર યથાવતરીતે જારી રાખવા માટેની વાત એનઆઈએ તરફથી કરવામાં આવીચુકી છે. ઝડપાયેલા નવ લોકોની ઓળખ હજુ સુધી જાહેર કરાઈ નથી.

ગાટ ધુમ્મસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરાવે. સાથો સાથ દિલ્હી સરકારને સ્કૂલો બંધ કરવાની માંગણી પણ કરી છે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે તેને લઈને ટ્વિટર પોતાની પ્રતિક્રિયા આપી છે. કેજરીવાલે કહ્યું કે દિલ્હી ગેસ ચેમ્બર બની ચૂકી છે. આ વખતે પણ આ સમયે આવું જ થાય છે. બીજા રાજ્યોમાં ઘાસના પૂળા સળગાવાની સમસ્યાનું સમાધાન શોધવું જ પડશે.

નિષ્ણાતોનુ કહેવું છે કે હવાની રફતાર ઘટતાં સોમવારે સાંજે વિઝિબિલિટી ખરાબ હતી. આખા દિલ્હીની એર ક્વોલિટીની વાત કરીએ તો સીપીસીબી એર ક્વોલિટી ઈન્ડેકસ મુજબ સોમવારે તે ૩૫૪ના સ્તર પર હતું જે અત્યંત ખરાબ કેટેગરીમાં આવે છે. આ પહેલાં રવિવારે આ સ્તર ૩૬૮ રેકોર્ડ કરાયું હતું.

પાર્ટ-૨

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દિવસે એન્ટી બ્લેકમની ડે મનાવવાનો નિર્ણય કર્યો છે. વિપક્ષે આ દિવસે સમગ્ર દેશમાં વિરોધ દિવસ મનાવવાનો નિર્ણય કર્યો છે. મોદી નોટબંધી બાદ આગામી ટાર્ગેટ તરીકે બેનામી સંપત્તિને બનાવી ચુક્યા છે. આની સામે મોટાપાયે સમગ્ર દેશમાં અભિયાન ચલાવવામાં આવનાર છે. હકીકતમાં નોટબંધીના એક વર્ષ બાદ સરકાર ભ્રષ્ટાચારની સામે જંગને જારી રાખવા માટે ઈચ્છુક છે. સૂચિત અભિયાનમાં જો માલિકી હકના કાયદાકીય પુરાવા નહીં મળે તો બેનામી સંપત્તિને સરકાર પોતાના કબજે લઈ લેશે. આ બેનામી સંપત્તિને પણ ગરીબો માટે કોઈ યોજના સાથે જોડવામાં આવશે. જેમ કે બ્લેકમની માટે બીજી વખત લાઈડિસ્લોઝર સ્કીમ હેઠળ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગરીબ કલ્યાણ યોજનામાં ઉમેરવામાં આવી હતી.

કાળો દિવસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૧૦૦૦ રૂપિયા અને ૫૦૦ રૂપિયાની નોટને બંધ કરવાની જાહેરાત કરી હતી. વિપક્ષે એ વખતે જ નોટબંધીના નિર્ણયના કારણે અર્થવ્યવસ્થાને નુકસાન થશે તેવી વાત કરી હતી. બેરોજગારી વધી જવા અને જીડીપી ઘટી જવાની આશંકા એ વખતે જ કરવામાં આવી હતી. આઝાદે કહ્યુ હતુ કે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નોટબંધીના કારણે જીડીપીને બે ટકાના નુકસાનની વાત કરી હતી. હવે આવતીકાલે આઠમી નવેમ્બરના દિવસે વિરોધ પક્ષો કાળો દિવસ મનાવનાર છે.